# SUPPLEMENT

TO THE

# BOMBAY GOVERNMENT GAZETTE.

**Published by Authority.**

THURSDAY, 18TH JUNE 1863.


## PROCEEDINGS OF THE LEGISLATIVE DEPARTMENT, BOMBAY.

MARATHI TRANSLATION

OF

*A Bill to Provide for the Periodical Survey of Steam Vessels in the Ports, Harbours, Rivers or Waters of the Presidency of Bombay.*

## मुंबई एथील लेजिस्लेटिव खात्यांत चाललेले कामाचें प्रोसिडिंग.

**मुंबई प्रेसिडेन्सीचे बंदरांतील किंवा नद्यांतील किंवा खाड्यांतील आगीचे गलबतांची मुदती मुदतीने पाहाणी करण्याबाबद नियम ठरविण्याविषयींचे आक्टाचा मसुदा.**

मुंबई प्रेसिडेन्सीचे बंदरांतील किंवा नद्यांतील किंवा खाड्यांतील आगीचे गलबतावरील उतारूंचे जिवांस व त्या गलबतांवर चढविलेले मालास जोखीम न व्हावें ह्मणून लायक सरवेयराकडून तसे आगीचे गलबतांची पाहाणी करविणे योग्य आहे यास्तव खालीं लिहिल्या प्रमाणे ठरविलें आहे:—

उद्देश.

१. मुंबई बंदरांत अथवा मुंबई प्रेसिडेन्सीचे बंदरांपैकीं कोणतेही बंदरांत किंवा नद्यांपैकीं किंवा खाड्यांपैकीं कोणतेही नदींत किंवा खाडींत आगीचें गलबत फिरत असेल तें आणि इंग्रजी आगीचें गलबत, मुंबई प्रेसिडेन्सीचें कोणतेंही बंदर व हिंदुस्थानांतील इतर कोणतेंही बंदर यांचे दरमियान फिरत असेल तें, या आक्टांत पुढें सांगितलेले रीती प्रमाणे दरसाल दोनदां पाहाणी होण्यास पात्र आहे असें समजावें.

कित्येक आगीचीं गलबतें वर्षांतून दोनदां पाहाणीस पात्र आहेत.

२. या आक्टाचे कारणासाठीं सरवेयर ह्मणून एक किंवा अधिक लायक व योग्य मनुष्यें नेमण्याचा अधिकार मुंबईचे गवरनर इन् कौन्सिलास आहे.

एक किंवा अधिक सरवेयर सरकारानें नेमावे.

३. या आक्टाअन्वयें जें आगीचें गलबत पाहाणी करण्यास पात्र असेल तसें गलबत मुंबई प्रेसिडेन्सीचे कोणतेही बंदरांत किंवा नदींत किंवा खाडींत आल्यानंतर लौकरच माफक वेळांत व त्या गलबतावर माल चढवीत असतील किंवा गलबता वरून उतरीत असतील

पाहाणी करण्यासाठीं आगीचे गलबतावर सरवेयरांस जाण्याचा अधिकार.

त्यास कारणावांचून हरकत न होई असे रीतीनें किंवा तें गलबत सफरेस किंवा कामावर जाण्यास त्यास कारणावांचून खोळंबा न होई किंवा विलंब न लागे असे रीतीनें त्या गलबतावर आपलें काम करण्यासाठीं जाण्याचा अधिकार आणि तें गलबत किंवा त्याचा कोणताही भाग आणि त्या गलबताचीं यंत्रें किंवा सामान सरंजाम किंवा जिनसा पाहाण्याचा अधिकार सदहू प्रकारचे सर्वेयरास आहे, आणि सदहू प्रकारची पाहाणी करण्याचें काम जितकें सुलभ करून देववेल तितकें त्या गलबताचे मालकानें व मास्तरानें व त्या गलबतावर चाकरीस असणारे अंमलदारांनी त्या सरवेयरास सुलभ करून दिलें पाहिजे आणि सदहू प्रकारचे गलबताबाबद व त्याचे यंत्रा बाबद व सामांन सरंजामा बाबद किंवा त्याचे कोणतेही भागाबाबद सरवेयर जी बातमी वाजवी रीतीनें मागतील ती त्यांस त्यांणी दिली पाहिजे आणि जीं मनुष्यें सरवेयरांस गलबतावर येऊं देण्यास नाहीं म्हणतील किंवा त्यांचे कामांत इतर रीतीनें हरकत करतील किंवा जी बातमी वाजवी रीतीनें मागितली असेल ती देतां येत असून देण्यास नाहीं म्हणतील किंवा हयगय करतील तीं मनुष्यें प्रत्येक गुन्ह्या बद्दल पांचशें रुपये पर्यंत दंडास किंवा पराकाष्ठा एक महिनापर्यंत नुस्ते कैदेस पात्र होतील.

पाहाणी करण्यांत त्यास हरकत केली किंवा मागितलेली बातमी न दिली तर शिक्षा होईल ती.

दाखला व इकरार देण्यास हरकत नसेल तेव्हां सुरवेयरानें तो द्यावा.

४. या आक्टाअन्वयें आगीचे गलबताची पाहाणी झाल्यावर दाखला व इकरार देण्यास हरकत नाहीं असी पाहाणी करणारे सरवेयरांची खात्री होईल व या आक्टांत पुढें सांगितलेली फी त्या गलबताचा मालक किंवा मास्तर देईल तर या आक्टास जोडलेले अ. परिशिष्टांतील नमुन्या प्रमाणें दाखला व इकरार होईल तितका तयार करून व त्यावर आपल्या सह्या करून त्या सरवेयरांनीं गलबताचे मालकास किंवा मास्तरास तो द्यावा.

ज्या सफरे बाबद आगीचे गलबतास सरवेयराकडून दाखला मिळाला नसेल त्या सफरेस जाण्याविषयीं त्या गलबतास पोर्ट क्लियरन्स जाण्याची परवानगी देऊं नये.

५. जें आगीचें गलबत या आक्टाअन्वयें पाहाणी करण्यास पात्र असेल तें ज्या सफरेस जाणार असेल किंवा तें ज्या कामगिरीवर नेमावयाचें असेल त्या सफरेस किंवा कामगिरीस लागू होई असा दाखला व इकरार या आक्टांतील ठरावाअन्वयें त्या गलबतास योग्य रीतीनें मिळाला नसेल तर त्या गलबतास जकातीचे कोणतेहि अमलदारानें पोर्ट क्लियरन्स (जाण्याची परवानगी) देऊं नये व त्यास पैलट मिळणार नाहीं आणि या आक्टाअन्वयें पाहाणी करण्यास पात्र असणारें कोणतेंहि आगीचें गलबत ज्या सफरेस जाणार असेल किंवा ज्या कामगिरीवर तें नेमण्यांत यावयाचें असेल त्या सफरेस किंवा कामगिरीस लागू होई असा दाखला व इकरार मिळाल्यावांचून तें गलबत मुंबई प्रेसिडेन्सींतील कोणतेंही बंदरांतून किंवा नदींतून किंवा खाडींतून निघून जाईल किंवा जाण्याचा यत्न करील तर त्या गलबताचा मालक किंवा मास्तर तसे प्रत्येक गुन्ह्याबद्दल एक हजार रुपये पर्यंत दंडास पात्र होईल आणि तो दंड न दिला तर पराकाष्ठा दोन महिने पर्यंत नुस्ते कैदेस पात्र होईल आणि जकातीचा कोणी अंमलदार किंवा पैलट त्या गलबतावर असेल तर त्या गलबतास सदहू प्रकारचा दाखला व इकरार मिळे तों पर्यंत त्या गलबतास अटकावून ठेवण्यास तो मुखत्यार आहे.

जो मास्तर किंवा अंमलदार परवाना मिळालेला पैलट असून तो योग्य दाखल्यावांचून मुंबईचे कोणतेही बंदरवगैरेंतून आपलें गलबत नेण्यास यत्न करील त्याचा परवाना जाईल.

६. जी टग स्टीमर* किंवा आगीचें इतर गलबत या आक्टाअन्वयें पाहाणी करण्यास पात्र असेल त्या टग स्टीमरचा किंवा आगीचे गलबताचा कम्यांडर किंवा इतर अंमलदार परवाना मिळालेला पैलट असेल आणि तो खालीं लिहिलेले प्रकारचा दाखला व इकरार मिळाल्यावांचून ह्मणजे ती स्टीमर किंवा आगीचें गलबत ज्या सफरेस जाणार असेल किंवा ज्या कामगिरीवर नेमण्याचें असेल त्या सफरेस किंवा कामगिरीस लागू होई असा या आक्टांतील ठरावाअन्वयें दाखला व इकरार मिळाल्यावांचून मुंबई प्रेसिडेन्सींतील कोणतेही बंदरांतून किंवा नदींतून किंवा खाडींतून ती स्टीमर किंवा आगीचें गलबत घेऊन जाईल किंवा घेऊन जाण्याचा यत्न करील तर मुंबईचे गवरनरास योग्य वाटेल त्याप्रमाणे त्याचा पैलटपणाचा परवाना त्याजवळून अगदीं परत घेण्याविषयीं किंवा कांहीं मुदतीपर्यंत महकुब करण्याविषयीं हुकूम करण्यास ते मुखत्यार आहेत.

---

* पागाड धरणारी आगबोट.

७. मुंबईचे कोणतेही बंदरांत किंवा नदींत किंवा खाडींत कोणतीही इंग्रजी स्टीमर असेल व ती सदर्हू बंदराचे किंवा नदीचे किंवा खाडीचे आणि इतर बंदराचे किंवा बंदरांचे दरमियान फिरत असेल तिची पाहाणी करण्याविषयीं विशेष हुकूम या आक्टाअन्वयें नेमलेले सरवेयरांस देण्याचा अधिकार मुंबईचे गवरनर इन् कौन्सिलास आहे; आणि ज्या स्टीमरची पाहाणी करण्याविषयीं सदर्हू प्रमाणे विशेष हुकूम केला असेल त्या स्टीमरीस आणि तिचे मालकास व मास्तरास व अंमलदारास या आक्टांतील ठराव जितके लागू होण्यासारिखे असतील तितके लागू होतील.

मुंबईचे कोणतेही बंदरांत कोणतीही इंग्रजी स्टीमर असेल तिची मुद्दाम पाहाणी करण्यास सांगण्याचा अधिकार सरकारास आहे.

८. पाहाणी करणे ती कोणते रीतीने व केव्हां व कोठें करावी यावाबद व सरवेयरांचे कामाबाबद कानू करण्याचा अधिकार या आक्टावरून मुंबईचे गवरनर इन् कौन्सिलास आहे, परंतु सदर्हू प्रकारच्या कानू करणे त्या या आक्टांतील कोणतेही ठरावाविरुद्ध असूं नयेत.

पाहाणी करण्याचे रीती व वेळा बाबद कानू करण्यास सरकार मुखत्यार आहे.

९. या आक्टांतील ठरावा प्रमाणे आपण ज्या गलबताची पाहाणी केली असेल त्याबद्दल जी फी किंवा मेहनताना या आक्टांत घेण्याचें सांगितलें असेल त्या फी किंवा मेहनताना खेरीज इतर फी किंवा मेहनताना त्या गलबताचे मालका जवळून किंवा मास्तरा जवळून किंवा अंमलदारा जवळून कोणी सरवेयर प्रत्यक्ष किंवा पर्यायाने मागेल किंवा घेईल तो कायद्या प्रमाणे ज्या शिक्षेस पात्र होईल त्या शिक्षे खेरीज आणखी चाकरी वरून वरतर्फ होण्यास पात्र होईल.

पाहाणी करण्या बद्दल जो सरवेयर फी वगैरे घेईल त्यास शिक्षा होईल ती.

१०. या आक्टाअन्वयें केलेले प्रत्येक पाहाणी बद्दल या आक्टास जोडलेले ब. परिशिष्टांतील दराअन्वयें हिशेब, पाहाणी केलेले आगीचे गलबताचे बारदाना प्रमाणे, करून जी फी होईल ती पाहाणी करणारे सरवेयरांस त्या गलबताचे मालकाने किंवा मास्तराने दिली पाहिजे.

केलेले प्रत्येक पाहाणी बद्दल फी द्यावयाची ती.

११. या आक्टाअन्वयें नेमलेले सरवेयरांनी दाखला व इकरार दिला असेल तो ज्या गलबताबद्दल दिला असेल त्या गलबताचे तो ज्या प्रसिद्ध भागीं सहज वाचतां येईल त्या भागीं तो नेहमी टांगून ठेवावा. आणि या ठरावाप्रमाणें वहिवाट न केली तर प्रत्येक मालक किंवा मास्तर प्रत्येक गुन्ह्याबद्दल शंभर रुपये पर्यंत दंडास पात्र होईल आणि सदर्हू प्रकारचा दंड जंगम मालमत्ता जप्त करून विकून वसूल करण्याचा अधिकार आहे.

गलबताचे प्रसिद्ध भागीं दाखला नेहमी टांगून ठेवावा.

१२ दाखल्याची किंवा इकराराची जी तारीख असेल त्या तारिखेपासून साहा क्यालेंडर महिने झाल्यानंतर तो दाखला किंवा इकरार या आक्टाचे कारणासाठीं अंमलांत आहे असें समजूं नये. परंतु असें ठरविलें आहे कीं आगीचें गलबत ज्या बंदराचें किंवा नदीचें किंवा खाडीचें असेल त्या बंदरांत किंवा नदींत किंवा खाडींत तें दाखल्याची व इकराची मुद्दत संपते वेळीं नसेल तर दाखला व इकरार नसल्याबद्दल खालीं लिहिलेले वेळापर्यंत तें शिक्षेस पात्र होणार नाहीं झणजे सदर्हू बंदरांत किंवा नदींत किंवा खाडींत तें परत आल्यावर तें फिरण्यास प्रारंभ करी तों पर्यंत किंवा फिरूं लागे तों पर्यंत शिक्षेस पात्र होणार नाहीं. ज्या दाखल्याची व इकराराची मुद्दत संपली असेल किंवा जो रद्द केला असेल तो परत करावा असा हुकूम करण्यास मुंबईचे गवरनर इन् कौन्सिल मुखत्यार आहेत किंवा त्या कामासाठीं त्यांणीं ज्या अंमलदास नेमिलें असेल तो अंमलदार मुखत्यार आहे आणि जो मालक किंवा मास्तर किंवा इतर मनुष्य वाजवी कारणावांचून सदर्हू प्रकारचे हुकुमाप्रमाणे चालण्यास हयगय करील किंवा नाहीं झणेल तो प्रत्येक गुन्ह्याबद्दल शंभर रुपये पर्यंत दंडास पात्र होईल.

दाखला सहा महिने मात्र अंमलांत राहील आणि त्याची मुद्दत संपली किंवा तो रद्द केला म्हणजे तो परत करावा.

दाखल्याची मुद्दत संपली त्या वेळीं गलबत बंदरांत वगैरे नसेल त्याबाबद विशेष ठराव.

१३. खालीं लिहिल्याप्रमाणे झालें आहे असें वाटण्याची सबब असेल तेव्हां या आक्टाअन्वयें दिलेला दाखला व इकरार रद्द करण्याचा अधिकार मुंबईचे गवरनर इन् कौन्सिलास आहे किंवा त्या कामासाठीं त्यांणी ज्या अंमलदारास नेमला असेल किंवा अखत्यार दिला असेल त्यास आहे; झणजे

दाखला व इकरार रद्द करण्यास सरकार मुखत्यार आहे.

(१) आगीचे कोणतेही गलबताचा हल म्हणजे सांगाडा व सामान सरंजाम व यंत्रें असावीं तशीं व चांगले स्थितींत आहेत असा दाखला व इकरार किंवा दाखला किंवा इकरार कपटानें किंवा खोटा दिला आहे किंवा केला आहे; अथवा

(२) खोटे बातमी वरून सदर्हू प्रकारचा दाखला व इकरार दिला आहे; अथवा

(३) सदर्हू प्रकारचा दाखला व इकरार दिल्यानंतर व केल्यानंतर त्या गलबताचे हलास म्हणजे सांगाड्यास किंवा साज सरंजामास किंवा यंत्रास नुकसानी झाली आहे किंवा तीं असावीं तशीं इतर रीतीनें नाहींत.

आणि सदर्हू प्रकारचे प्रत्येक प्रसंगीं आपणास योग्य वाटेल तर आगीचे सदर्हू प्रकारचे गलबताची या आक्टांत ठरविल्याप्रमाणें पुनः पाहाणी करविण्याविषयीं मालकास किंवा मास्तरास हुकूम करण्याचा अधिकार मुंबईचे गवरनरास किंवा सदरील शेवटले कलमांत सांगितलेले अंमलदारास आहे.

पाहाणीचे खरेपणा विषयीं अंदेशा असेल तर दुसर सरवेयरा कडून दुसरी पाहणी करविण्याचा हुकूम करण्यास सरकार मुखत्यार आहे.

१४. या आक्टांतील ठरावा प्रमाणे आगीचे कोणतेही गलबताची पाहाणी झाली असेल आणि सरवेयर दाखला व इकरार देण्यास नाहीं म्हणतील तर अथवा आगीचे गलबताचा मालक किंवा मास्तर नाराजी होई, असा दाखला किंवा इकरार देतील तर त्या मालकानें किंवा मास्तरानें अर्जी केली असतां त्या आगीचे गलबताची पाहाणी करण्यासाठीं दुसरे दोन लायक सरवेयर नेमण्यास मुंबईचे गवरनर इन् कौन्सिल मुखत्यार आहेत. सदर्हू प्रमाणे नेमलेले सरवेयरांनी त्या आगीचे गलबताची लागलीच पाहाणी करावी आणि दाखला व इकरार देण्यास नाहीं म्हणावें किंवा हकीकती वरून आपणास योग्य वाटेल त्याप्रमाणे दाखला व इकरार त्याणी द्यावा. या आक्टा वरून मामूल प्रमाणे पाहाणी केली असतां फी वगैरे विषयीं जे ठराव व कानू लागू होतात ते सर्व ठराव व कानू या कलमान्वयें केलेले प्रत्येक पाहाणीस लागू होतील. या आक्टान्वयें नेमलेले सरवेयर दाखला व इकरार देण्यास नाहीं म्हणण्या विषयीं एकमत होतील किंवा दाखल्यांत व इकरारांत काय लिहावें या विषयीं एकमत होतील तर सदर्हू प्रमाणे दाखला व इकरार देण्यास नाहीं म्हटल्याची गोष्ट, किंवा सदर्हू प्रमाणे जो दाखला व इकरार दिला असेल तो अखरचा समजावा. परंतु ते एकमत न होतील तर ज्या सरवेयरांनी त्या आगीचे गलबताची प्रथम पाहाणी केली त्या सरवेयरांनी दाखला व इकरार मुळीं देण्यास नाहीं म्हटल्याची गोष्ट, किंवा जो दाखला व इकरार दिला असेल तो संपूर्ण अंमलांत राहील.

या आक्टांत सांगितलेले गुन्ह्याचा कोणी इनसाफ करावा.

१५ या आक्टान्वयें कोणताही मुकद्दमा उत्पन्न होईल त्याचा इनसाफ करण्याचा अधिकार ज्या अंमलदारास माजिस्ट्रेटाचे संपूर्ण अखत्यार असतील व ज्या अंमलदाराचे हुकुमतींत गुन्हा झाला असेल त्या अंमलदारास किंवा मुंबई शहाराचे कोणतेही पोलीस माजिस्ट्रेटास आहे. बंदरांबाबद व बंदरदेण्याबाबद नियम ठरविण्या विषयी सन १८५५ चा २२ वा आक्ट आहे त्याचे ५५ वे कलमांतील ठराव या आक्टान्वयें दंड केले असतील त्यांस लागू केले आहेत आणि या आक्टाचे १० वे कलमान्वयें ज्या फी घ्यावयाच्या त्या सर्व ज्या रीतीनें दंड वसूल करतात त्या रितीनें वसूल कराव्या.

सरवेयर या शब्दाचा अर्थ एकच सरवेयर एकटाच काम करीत असेल तो समजावा.

१६ या आक्टांत "सरवेयर" हा शब्द (बहुवचनी) लिहिला आहे त्यांत जो सरवेयर खालीं लिहिल्याप्रमाणे एकटाच काम करीत असेल त्याचा समावेश होतो असें समजावें; म्हणजे एकटेंच काम करण्या विषयीं या आक्टांतील ठरावान्वयें मुंबईचे गवरनर इन् कौंसिलांनी ज्यास परवानगी दिली असेल तो एकटाच काम करीत असेल त्याचा समावेश होतो असें समजावें.

# परिशिष्ट अ.

## सरवेयरांचे दाखल्याचा व इकराराचा नमुना.

| आगीचे गलबताचें नांव. | बारदान. | केव्हां व कोठें व कशाचें बांधलें आहे. | जोर. | यंत्राचें वर्णन व तें किती वर्षांचें आहे तें. | बायलरांचें वर्णन व ते किती वर्षांचे आहेत ते. | नांगर दोर वगैरे. | हलची म्हणजे सांगाड्याची स्थिती. | एकंदर सामान सरंजाम. | मास्तराचें नांव अंमलदाराची संख्या डेकवू म्हणजे तुतका संबंधी खलाशाची संख्या आणि इंजिनियरांची व एन्जिन खोली संबंधी खलाशांची संख्या. | शेवटीं केव्हां व कोठें तांब्याचे पत्रे जडविले किंवा मरामत केली किंवा साफ केलें. | ज्या हद्दी पलीकडे गलबत जाण्यास लायक नसेल त्या हद्दी. | हल म्हणजे सांगाडा किंवा बायलर किंवा यंत्रें किंवा कोणताही साज सरंजाम साहा महिन्याहून कमी मुदत पर्यंत चालण्या सारिखा असेल तर किती मुदत पर्यंत चालेल ती मुदत. | शेरे. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | |

आम्ही खालीं सह्या करणारे इकरार करितों ऐसाजे आम्ही सदर्हू आगीचें गलबत तपासलें आणि त्या गलबताचा व त्याचे यंत्राचा सदरील पत्रकांत तपशील लिहिला आहे त्या प्रमाणे तें गलबत व त्याचीं यंत्रें ज्या कामावर तें योजावयाचें आहे (जसा मजकूर असेल तसा लिहावा) त्या कामा लायक तीं संपूर्ण आहेत असें आमचे बुद्धीस येतें.

अ. ब.

क. ड.

## परिशिष्ट ब.

(१०वे कलमांत सांगितलेली) फी घ्यावयाची तिचे दर.

| | रु० | आ० | पै. |
|---|---|---|---|
| २०० टनाहून कमी बारदानाचे आगीचे गलबताबद्दल .............. | २० | ० | ० |
| २०० टनापासून ३५० टनापर्यंतचे बारदानाचे आगीचे गलबताबद्दल....... | २५ | ० | ० |
| ३५० „ ७०० ............................. | ३० | ० | ० |
| ७०० „ १००० ............................. | ४० | ० | ० |
| १००० „ १५०० ............................. | ५० | ० | ० |
| १५०० टन बारदानाचे व त्याहून अधिक बारदानाचे आगीचे गलबताबद्दल.... | ६० | ० | ० |

---

### हेतूंचा व कारणांचा तपशील.

हा आक्टाचा मसुदा बंगालचे कौन्सिलाचा सन १८६२ चा ५ वा आक्ट आहे त्यावरून केला आहे. मुंबईप्रेसिडेन्सिचे बंदरांत किंवा नद्यांत किंवा खाड्यांत जीं आगीचीं गलबतें येतात जातात त्यांची मुदती मुदतीने व विशेष पाहाणी करण्या विषयीं या मसुद्यांत ठराव आहेत.

सन १८५८चे २१वे आक्टांत जे ठराव न्यून आहेत ते ठराव या मसुद्यांत केले आहेत. सन १८५८चा २१वा आक्ट एतद्देशीय उतारूंचे गलबतास आणि कांठाकांठाचे सफरेस उतारूं नेण्यासाठीं जीं आगीचीं गलबतें असतील त्यांस मात्र लागू आहे आणि त्यांत पाहाणी करण्याविषयीं ठराव आहे तो सामान्य रीतीची पाहाणी करण्याविषयीं आहे.

या मसुद्यांतील ठराव तर सर्व इंग्रजी आगीचे गलबतांस लागू आहे, आणि हलाची म्हणजे सांगाड्याची व बैलराची व यंत्राची व साज सरंजामाची विशेषेंकरून पाहाणी करावी असा यांत ठराव आहे.

सरवेयर नेमण्याचा व त्यांचीं कामें ठरविण्याचा व पाहाणी केलेले गलबताचे बारदाना प्रमाणे फीचा हिशेब करून त्यावरून त्याचा मेहनताना ठरविण्याचा अधिकार या मसुद्यावरून सरकारास दिला आहे. सरवेयरांस कामें करण्यांत जे हरकत करतील त्यांस या मसुद्यांत दंड ठरविला आहे. दाखल्याचा नमुना सांगितला आहे आणि दाखला अंमलांत राहील तोंपर्यंत त्यांची व्यवस्था करण्याची रीति सांगितली आहे.

या मसुद्यांत जे नियम ठरविले आहेत ते फार अवश्य आहेत असें सर्वांचें मत आहे आणि या मसुद्याप्रमाणे कायदा ठरला असता त्यापासून सर्व लोकांस फायदा झाल्यावांचून राहाणार नाहीं.

या मसुद्याचीं मराठींत व गुजराथींत व सिंदींत भाषांतरें करावीं.

जोनाथन डंकन इनवेरारिटी.

तारीख ११ माहे मे सन १८६३ इसवी.

(True Translation)

VENAYEK WASSOODEW,

Oriental Translator to Government.

# GUJARATI TRANSLATION

OF

*A Bill to Provide for the Periodical Survey of Steam Vessels in the Ports, Harbours, Rivers or Waters of the Presidency of Bombay.*

## મુંબઈનાં લેજિસ્લેટિવ ખાતાંમાં ચાલેલાં કામનું પ્રોસિડિંગ.

મુંબઈ પ્રેસિડેન્સીનાં બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં આગબોટની વખતે વખતે તપાસ કરવા બાબત નિયમ ઠરાવવા બાબતના આક્ટનો મસુદો.

મુંબઈ પ્રેસિડેન્સીનાં બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં આગબોટ ઉપરના ઉતારૂના જીવને તથા તે આગબોટ ઉપર ચહડાવેલા માલને જોખમ ન લાગે એવો બંદોબસ્ત કરવાસારૂ લાયક સરવેયરો પાસે તેવી આગબોટની તપાસ કરાવવી યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ઉદ્દેશ.

૧. મુંબઈ બંદરમાં અથવા મુંબઈ પ્રેસિડેન્સીનાં બંદરોમાંથી કોઈ પણ બંદરમાં અથવા નદીઓમાંથી અથવા ખાડીઓમાંથી કોઈપણ નદીમાં અથવા ખાડીમાં આગબોટ ફરતી હશે તેની અને અંગ્રેજી આગબોટ મુંબઈ પ્રેસિડેન્સીનાં કોઈ બંદરની તથા હિંદુસ્થાન માંહેનાં બીજાં કોઈ બંદરની વચ્ચે ફરતી હશે તેની આ આક્ટમાં આગળ કહેલી રીતે વરસોવરસ બે વખત તપાસ થવી જોઈયે એવું સમજવું.

કેટલીએક આગબોટો વરસમાં બે વખત તપાસવી જોઈયે.

૨. આ આક્ટમાં કહેલાં કામ સારૂ એક અથવા વધતાં લાયક તથા યોગ્ય માંણસોને સરવેયર નેમવાનો અધિકાર મુંબઈના ગવરનર ઈન્ કૌંસિલને છે.

એક અથવા વધારે સરવેયર સરકારે નેમવા.

૩. આ આક્ટ પ્રમાણે જે આગબોટ તપાસ થવાને લાયક હોય તે આગબોટ મુંબઈ પ્રેસિડેન્સીનાં કોઈ બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં આવ્યા પછી જેમ બને તેમ જલદી યોગ્ય વખતમાં તથા તે આગબોટ ઉપર માલ ચહડાવતા હોય અથવા ઉતારતા હોય તેને વગર કારણે હરકત ન થાય એવી રીતે અથવા તે આગબોટને સફરે અથવા કામે જતાં વગર કારણે અટકાવ ન થાય અથવા વાર ન લાગે એવી રીતે તે આગબોટ ઉપર પોતાનું કામ કરવાસારૂ જવાનો અધિકાર અને તે આગબોટનાં યંત્રો અથવા સાંમન સરંજામ અથવા જનસો તપાસવાનો અધિકાર સદરહુ સરવેયરને છે; અને તે તપાસ કરવાનું કામ જેટલું સોહેલું કરી અપાય તેટલું તે આગબોટના ધણીએ તથા માસ્તરે તથા તે આગબોટ ઉપર ચાકરી કરનારા અંમલદારોએ તે સરવેયરોને સોહેલું કરી આપવું જોઈયે. અને સદરહૂ પ્રકારની આગબોટ બાબત તથા તેના યંત્રો બાબત તથા સાંમન સરંજામ બાબત અથવા તેના કોઈ પણ ભાગ બાબત જે ખબર વાજબી રીતે માગે તે તેણે તેઓને આપવી જોઈયે. અને જે માંણસો સરવેયરોને આગબોટ ઉપર આવવા દેવાની ના કેહેશે અથવા તેઓનાં કામમાં બીજી રીતે હરકત કરશે અથવા જે ખબર વાજબી રીતે માગી હોય તે અપાતી હોય તો પણ આપવાની ના કેહેશે અથવા ગફલત કરશે તે માંણસ દરેક ગુન્હા બાબત પાંચશેં રૂપિયા સુધી દંડને અથવા ઘણામાં ઘણા એક મહીના સુધી નરી કેદની સિક્ષાને લાયક થશે.

તપાસ કરવાસારૂ આગબોટ ઉપર સરવેયરોને જવાનો અધિકાર.

દાખલો તથા ઈકરાર આપવાની હરકત ન હોય તો સરવેયરોએ આપવો.

૪. આ આક્ટ પ્રમાણે આગબોટની તપાસ થયા પછી દાખલો તથા ઈકરાર આપવાની હરકત નથી એવી તપાસ કરનારા સરવેયરોની ખાતરી થશે અને આ આક્ટમાં આગળ કહેલી ફી તે આગબોટનો ધણી અથવા માસ્તર આપશે તો આ આક્ટને જોડેલાં (બ) પરિશિષ્ટના નમુના પ્રમાણે દાખલો તથા ઈકરાર થાય તેટલો તૈયાર કરીને તર્થાં તે ઉપર પોતાની સહી કરીને તે સરવેયરોએ આગબોટના ધણીને અથવા માસ્તરને તે આપવો.

જે સફર બાબત આગબોટને સરવેયર પાસેથી દાખલો મળ્યો નહીં હોય તે સફરે જવાસારૂ તે આગબોટને પોર્ટ ક્લિયરન્સ (જવાની પરવાનગી) આપવી નહીં.

૫. જે આગબોટ આ આક્ટ પ્રમાણે તપાસ થવા લાયક હોય તે આગબોટ જે સફરે જનાર હશે અથવા જે કામ ઉપર નેમાવાની હશે તે સફરને અથવા કામને લાગુ થાય તેવો દાખલો તથા ઈકરાર આ આક્ટના ઠરાવ પ્રમાણે તે આગબોટને યોગ્ય રીતે મળ્યો નહીં હોય તો તે આગબોટને જકાત ખાતાંના કોઈ અમલદારે પોર્ટ ક્લિયરન્સ (જવાની પરવાનગી) આપવી નહીં. અને તેને પૈલટ મળશે નહીં. અને આ આક્ટ પ્રમાણે તપાસ થવા લાયક આગબોટ જે સફરે જનાર હશે અથવા જે કામ ઉપર તે નેમવામાં આવનાર હશે તે સફરને અથવા કામ લાગુ થાય તેવો દાખલો તથા ઈકરાર મળ્યા વગર તે આગબોટ મુંબઈ પ્રેસીડેન્સીનાં કોઈ બંદરમાંથી અથવા નદીમાંથી અથવા ખાડીમાંથી ઉપડી જશે અથવા ઉપડી જવાનો યત્ન કરશે તો તે આગબોટનો ધણી અથવા માસ્તર એવા દરએક ગુન્હા બાબત એક હજાર રૂપીઆ સુધી દંડને લાયક થશે. અને તે દંડ નઆપશે તો ધણામાં ધણા બે મહીના સુધી નરી કેદની શિક્ષાને લાયક થશે: અને જકાત ખાતાંનો કોઈ અંમલદાર અથવા પૈલટ તે આગબોટ ઉપર હોય તો તે આગબોટને સદરહૂ પ્રકારનો દાખલો તથા ઈકરાર મળે ત્યાંહાં સુધી તે આગબોટ અટકાવી રાખવાને તે મુખત્યાર છે.

જે માસ્તર અથવા અંમલદાર પરવાનાવાળો પૈલટ હોય તે યોગ્ય દાખલા વગર મુંબઈનાં કોઈ બંદર વગેરેમાંથી પોતાની આગબોટ લઈજિવાનો યત્ન કરશે તેનો પરવાનો જશે.

૬. જે *ટગ સ્ટીમર અથવા બીજી આગબોટ આ આક્ટ પ્રમાણે તપાસ થવા લાયક હોય તે ટગ સ્ટીમરનો અથવા આગબોટનો કમ્માંડર અથવા બીજો અંમલદાર પરવાનાવાળો પૈલટ હશે તે સ્ટીમર અથવા આગબોટ જે સફરે જનાર હશે અથવા જે કામ ઉપર નેમાવવાની હશે તે સફરને અથવા કામને લાગૂ પડે તેવો આ આક્ટના ઠરાવ પ્રમાણે દાખલો તથા ઈકરાર મળ્યા વગર મુંબઈ પ્રેસિડેન્સીમાંનાં કોઈ બંદરમાંથી અથવા નદીમાંથી અથવા ખાડીમાંથી તે સ્ટીમર અથવા આગબોટ લઈ જશે અથવા લઈજિવાનો યત્ન કરશે તો મુંબઈના ગવરનરને યોગ્ય દેખાય તે પ્રમાણે તેનો પૈલટપણાંનો પરવાનો તેની પાસેથી બીલકુલ પાછો લેવાને અથવા થોડી એક મુદત સુધી મોકૂફ કરવાનો હુકમ કરવાને તે મુખત્યાર છે.

મુંબઈનાં કોઈ બંદરમાં કોઈ અંગ્રેજી સ્ટીમર હશે તેની ખાસ્ખાં તપાસ કરવાનું ફરમાવવાનો અધિકાર સરકારને છે.

૭. મુંબઈનાં કોઈ બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં કોઈ અંગ્રેજી સ્ટીમર હશે અને તે સદરહુ બંદરની અથવા નદીની અથવા ખાડીની અને બીજા બંદર અથવા બંદરોની વચ્ચે ફરતી હશે તેની તપાસ કરવા બાબત વિશેષ હુકમ આ આક્ટ પ્રમાણે ઠરાવેલા સરવેયરોને આપવાનો અધિકાર મુંબઈના ગવરનર ઈન્ કૌંસિલને છે; અને જે સ્ટીમરની તપાસ કરવા બાબત સદરહુ પ્રમાણે વિશેષ હુકમ કર્યો હશે તે સ્ટીમરને તથા તેના ધણીને તથા માસ્તરને તથા અંમલદારને આ આક્ટના ઠરાવ જેટલા લાગૂ થવા સરખા હશે તેટલા લાગૂ થશે.

તપાસ કરવાની રીતી તથા વખત બાબત કાનૂન કરવાને સરકાર મુખત્યાર છે.

૮. તપાસ કઈ રીતે, ક્યારે અને ક્યાંહાં કરવી એ બાબત તથા સરવેયરનાં કામ બાબત કાનૂન કરવાનો અધિકાર આ આક્ટ ઉપરથી મુંબઈના ગવરનર ઈન્ કૌંસિલને છે. પણ તે કાનુન આ આક્ટના કોઈ ઠરાવ વિરૂદ્ધ કરવી નહીં.

તપાસ કરવા બાબત જે સરવેયર ફી વગેરે લેશે તેને શિક્ષા થશે.

૯. આ આક્ટના ઠરાવ પ્રમાણે પોતે જે આગબોટની તપાસ કરી હશે તે બાબત જે ફી અથવા મેહેનતના પૈસા આ આક્ટમાં લેવાનું કહ્યું હશે તે ફી અથવા મેહેનતના પૈસા સિવાય

*પાગડ લઈજિનારી આગબોટ.

બીજી ફી અથવા મેહેનતના પૈસા તે આગબોટના ધણી પાસેથી અથવા માસ્તર પાસેથી અથવા અંમલદાર પાસેથી કોઈ સરવેયર હસ્તે અથવા પર હસ્તે માગશે અથવા લેશે તો કાયદા પ્રમાણે જે શિક્ષાને લાયક થશે તે શિક્ષા શિવાય વળી ચાકરી ઉપરથી બરતરફ થવાને લાયક થશે.

૧૦. આ આક્ટ પ્રમાણે કરેલી દરએક તપાસ બાબત આ આક્ટને જોડેલાં બ. પરિશિષ્ટમાં લખેલા દર લખે ફીનો જે આંકડો તપાસેલી આગબોટના બારદાન પ્રમાણે ગણતાં થાય તે ફી તપાસ કરનાર સરવેયરને તે આગબોટના ધણીએ અથવા માસ્તરે આપવી જોઇયે.

દરએક કરેલી તપાસ બાબત ફી લેવી.

૧૧. આ આક્ટ પ્રમાણે નેમેલા સરવેયરે દાખલો તથા ઈકરાર આપ્યો હશે તે જે આગબોટ સારૂ આપ્યો હશે તે આગબોટના જે પ્રશિદ્ધ ભાગ ઉપરથી સેહેજ વંચાતો હોય તે ભાગ ઉપર હમેશાં ટાંગી મુકવો. અને આ ઠરાવ પ્રમાણે નહીં ચાલશે તો દરએક ધણી અથવા માસ્તર દરએક ગુન્હા બાબત શો રૂપિયા સુધી દંડને લાયક થશે. અને તે દંડ જંગમ માલ મિલકત જપ્ત કરીને વેચીને વસૂલ કરવાનો અખતીયાર છે.

આગબોટના પ્રસિદ્ધ ભાગ ઉપર દાખલો હમેશા ટાંગી મુકવો.

૧૨. દાખલાની અથવા ઈકરારની જે તારીખ હોય તે તારીખથી છ ક્યાલેંડર મહિના પૂરા થયા પછી તે દાખલો અથવા ઈકરાર આ આક્ટમાં લખેલાં કાંમ સારૂ અમલમાં રેહેશે એવું શમજવું નહીં. પણ એવું ઠરાવ્યું છે કે આગબોટ જે બંદરની અથવા નદીની અથવા ખાડીની હોય તે બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં દાખલાની અથવા ઇકરારની મુદ્દત વીતતી વખતે તે ન હોય તો દાખલો તથા ઈકરાર ન હોય તેથી કરીને હેઠળ લખેલી વખત સુધી તે શિક્ષાને લાયક થશે નહીં, એટલે સદરહુ બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં તે પાછી આવ્યા પછી તે ફરવા માંડે ત્યાંહાં સુધી અથવા ફરવા લાગે ત્યાંહાં સુધી શિક્ષાને લાયક થશે નહીં. જે દાખલાની તથા ઈકરારની મુદ્દત વીતી હોય અથવા જે રદ્દ કર્યો હોય તે પાછો આપવો, એવો હુકમ કરવાને મુંબઈના ગવરનર ઈન્ કોંસિલ મુખત્યાર છે; અથવા તે કામ સારૂ તેણે જે અંમલદારને નેમ્યો હશે તે અંમલદાર મુખત્યાર છે. અને જે ધણી અથવા માસ્તર અથવા બીજું માંણસ વાજબી કારણ વગર સદરહુ પ્રકારના હુકમ પ્રમાણે ચાલવાંની ગફલત કરશે અથવા ના કેહેશે તો દરએક ગુન્હા બાબત સો રૂપિયા સુધી દંડને લાયક થશે.

દાખલો છ મહિનાસુધીજ અંમલમાં રહેશે અને તેની મુદ્દત થઈ રેહે અથવા તે દાખલા રદ્દ થાય એટલે પાછો આપવો.

દાખલાની મુદ્દત વીતે તે વેળાએ આગબોટ બંદરમાં ન હોય તે બાબત વિશેષ ઠરાવ.

૧૩. હેઠળ લખ્યા પ્રમાણે થયું છે એવું માનવાનો સબબ હોય તો આ આક્ટ પ્રમાણે આપેલા દાખલો તથા ઈકરાર રદ્દ કરવાનો અધિકાર મુંબઈના ગવરનર ઇન્ કોંસિલને છે, અથવા તે કામસારૂ તેણે જે અંમલદારને નેમ્યો હશે અથવા અખત્યાર આપ્યો હશે તેને છે; એટલે

દાખલો તથા ઈકરાર રદ્દ કરવાને સરકાર મુખત્યાર છે.

૧. હરએક આગબોટનું હલ એટલે પેટાર તથા સાંમન સરંજામ તથા યંત્રો જોઇયે તેવી સારી સ્થીતીમાં છે એવો દાખલો તથા ઈકરાર અથવા દાખલો અથવા ઈકરાર કપટથી અથવ ખોટો આપ્યો છે અથવા કર્યો છે; અથવા

૨. ખોટી ખબર ઉપરથી સદરહુ પ્રકારનો દાખલો તથા ઇકરાર આપ્યો છે; અથવા

૩. સદરહુ પ્રકારનો દાખલો તથા ઈકિરાર આપ્યા પછી તથા કસ્યા પછી એ આગબોટના હલને એટલે પેટારને અથવા સાંમન સરંજામને અથવા યંત્રને નુકસાન લાગ્યું છે અથવા તે જોઇયે તેવી રીતે નથી.

અને એવે દરએક પ્રસંગે પોતાને યોગ્ય દેખાય તો સદરહૂ પ્રકારની આગબોટની આ આક્ટમાં ઠરાવ્યાપ્રમાણે ફરીથી તપાસ કરાવવાનો ધણીને અથવા માસ્તરને હુકમ કરવાનો અધિકાર મુંબઇના ગવરનરને અથવા ઉપરની છેલ્લી કલમમાં કહેલા અંમલદારને છે.

તપાસનાં ખરાપણાં બાબત શક હોય તો બીજા સરવેયર પાસે તપાસ કરાવવાનો હુકમ કરવાને સરકાર મુખ્ત્યાર છે.

૧૪. આ આક્ટના ઠરાવ પ્રમાણે કોઈ આગબોટની તપાસ થઈહશે અને સરવેયરે દાખલો તથા ઈકિરાર આપવાની ના કેહેશે અથવા આગબોટનો ધણી અથવા માસ્તર નારાજી થાય તેવા દાખલા અથવા ઈકિરાર આપશે તો તે ધણી અથવા માસ્તર અરજી કરે એટલે તે આગબોટની તપાસ કરવા સારૂ બીજા બે લાયક સરવેયરો નેમવાને મુંબઇના ગવરનર ઈન કૌંસિલ મુખ્ત્યાર છે. સદરહૂ પ્રમાણે નેમેલા સરવેયરે તે આગબોટની તાબડતોબ તપાસ કરવી. અને દાખલો તથા ઈકિરાર આપવાની ના કેહેવી અથવા હકીકત ઉપરથી પોતાને યોગ્ય દેખાય તે પ્રમાણે તેઓએ દાખલા તથા ઈકિરાર આપવા. આ આક્ટની રૂએ માસુલ પ્રમાણે તપાસ કરી હોએ તો જે ફી વગેરે બાબત જે ઠરાવ તથા કાનુન લાગૂ થાત તે પ્રમાણે સર્વ ઠરાવ તથા કાનુન આ કલમ પ્રમાણે કરેલી તપાસને લાગૂ થશે. આ આક્ટ પ્રમાણે નેમેલા સરવેયરો દાખલો તથા ઈકિરાર આપવાની ના કેહેવાને એકમત થશે અથવા દાખલા તથા ઈકિરારમાં સું લખવું એ બાબત એકમત થશે તો સદરહૂ પ્રમાણે દાખલો તથા ઈકિરાર આપવાની ના કેહેવાની વાત, અથવા ઉપર કહ્યા પ્રમાણે જે દાખલો તથા ઈકિરાર આપ્યો હશે તે આખરનો સમજવો. પણ તેઓ એકમત ન થાય તો જે સરવેયરોએ તે આગબોટની પેહેલી તપાસ કરી તે સરવેયરોએ દાખલો તથા ઈકિરાર પેહેલવહેલાંજ આપવાની ના કહી તે વાત, અથવા જે દાખલો તથા ઈકિરાર આપ્યો હશે તે બધો અમલમાં રેહેશે.

આ આક્ટમાં કહેલા ગુન્હાઓનો કોણે ઈનસાફ કરવો.

૧૫. આ આક્ટ પ્રમાણે કંઈ મુકરદમા ઉત્પન્ન થશે તેનો ઈનસાફ કરવાનો અધિકાર જે અંમલદારને માજિસ્ત્રેટનો કુલ અખત્યાર હશે અથવા જે અંમલદારની હકુમતમાં ગુન્હો થયો હશે તે અંમલદારને અથવા મુંબઈ સેહેરના કોઇપણ પોલીસ માજિસ્ત્રેટને છે. બંદર બાબત અથવા બંદરદેણાં બાબત નિયમ ઠરાવવા વિશે સન ૧૮૫૫ નો ૨૨ મો આક્ટ છે તેની ૫૫ મી કલમનો ઠરાવ આ આક્ટ ઉપરથી દંડ કર્યો હશે તેને લાગૂ કર્યો છે, અને આ આક્ટની ૧૦ મી કલમ પ્રમાણે જે ફી લેવી હોય તે સઘળી ફી જે રીતે દંડ વસૂલ કરે છે તે રીતે લેવી.

"સરવેયરો" આ શબ્દનો અર્થ એકજ સરવેયર એકલોજ કામ કરતો હશે તે પણ સમજવો.

૧૬. આ આક્ટમાં સરવેયરો આ શબ્દ લખ્યોછે તેમાં જે સરવેયરને એકલાનેજ કામ કરવા બાબત આ આક્ટના ઠરાવ પ્રમાણે મુંબઇના ગવરનર ઈન કૌંસિલ પરવાનગી આપી હશે તે એકલો કામ કરતો હશે તેનો સમાવેશ થાયછે એવું સમજવું.

# પરિશિષ્ટ અ.

સરવેયરોના દાખલાનો તથા ઇકરારનો નમુનો.

| આગબોટનું નામ. | બારદાન. (એટલે કેટલા ટનની અથવા ખાંડીની છે તે) | ક્યારે ક્યાંહા અને શાંની બાંધેલી છે. | જોર. | યંત્રનું વર્ણન તથા તે કેટલાં વરસનું છે તે. | બાયલરનું વર્ણન અને તે કેટલાં વરસનું છે તે. | લંગરના દોરડાં વિગેરે. | હલની એટલે પેટારની સ્થિતી. | એકંદર સાંમન સરંજામ. | માસ્તરનું નામ, અમલદારની સંખ્યા ડેકુનૂ એટલે તૂતકના ખલાસીની સંખ્યા, અને ઇંજીનિયરની તથા એનજીન ઓરડીના ખલાશીની સંખ્યા. | છેલ્લે ક્યારે તથા ક્યાંહાં ત્રાંબાનાં પત્રાં જડાવ્યાં અથવા મરામત કરી અથવા સાફ કરી. | જે હદની પેલી તરફ આગબોટ જવાને લાયક ન હોય તે હદ. | હલ એટલે પેટાર અથવા બાયલર અથવા યંત્ર અથવા બીજો સાંમન સરંજામ છ મહીનાથી ઓછી મુદ્દતસુધી ચાલે તેવો હોય તો તે કેટલી મુદ્દતસુધી ચાલસે તે મુદ્દત. | શેરો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | |

હમે હેઠળ સહી કરનારા ઇકિરાર કરીએ છૈએ કે હમે સદરહુ આગબોટ તપાસી અને તે આગબોટની તથા તેના યંત્રની ઉપરનાં પત્રકમાં વિગત લખી છે તે પ્રમાણે તે આગબોટ તથા તેના યંત્રો જે કામ ઉપર તે આગબોટ નેમવાની છે (જે પ્રમાણે જરૂર હોય તે પ્રમાણે લખવો) તે કામ લાયક તે આગબોટ તથા યંત્ર બરાબર છે એવું હમારી નજરસાં આવે છે.

અ. બ.

ક. ડ.

# પરિશિષ્ટ બ.

(૧૦ મી કલમમાં કહેલી) ફીનો દર.

| | રૂ. | આ. | પૈ. |
|---|---|---|---|
| ૨૦૦ ટનથી ઓછા ટનની આગબોટ બાબત ...................... | ૨૦ | ૦ | ૦ |
| ૨૦૦ ટનથી ૩૫૦ ટન સુધીની આગબોટ બાબત ...................... | ૨૫ | ૦ | ૦ |
| ૩૫૦ — ૭૦૦ ............ „ ...................... | ૩૦ | ૦ | ૦ |
| ૭૦૦ — ૧૦૦૦ ............ „ ...................... | ૪૦ | ૦ | ૦ |
| ૧૦૦૦ — ૧૫૦૦ ............ „ ...................... | ૫૦ | ૦ | ૦ |
| ૧૫૦૦. — ટનની તથા તેથી વત્તા ટનની આગબોટ બાબત.............. | ૬૦ | ૦ | ૦ |

---

કારણની તથા સબબોની વિગત.

આ આક્ટનો મસુદો બંગાલાની કૌંસિલનો સન ૧૮ ૬૨ નો ૫ મો આક્ટ છે તે ઉપરથી કર્યો છે. મુંબઈ પ્રેસિડેંનસીના બંદરમાં અથવા નદીમાં અથવા ખાડીમાં જે આગબોટ આવજાવ કરેછે તેની મુદ્દતે મુદ્દતે તથા વિશેષ તપાસ કરવા બાબત આ મસુદામાં ઠરાવ કર્યો છે.

સન ૧૮૫૮ નાં ૨૧ મા આક્ટમાં જે ઠરાવ ઓછા છે તે ઠરાવ આ મસુદામાં કર્યા છે. સન ૧૮૫૮ નો ૨૧ મો આક્ટ એતદ્દેશીય ઉતારૂ લઈજનારાં વાંહાણોને, તથા કાંઠાકાંઠાની સફરે ઉતારૂ લઈજવાસારૂ આગનાં વાંહાણો હોય તેઓનેજ લાગૂ છે અને તેમાં તપાશ કરવાનો ઠરાવ છે તે સાધારણ તપાસ કરવા બાબતનો છે.

આ મસુદાનો ઠરાવ તો સઘળી અંગ્રેજી આગબોટને લાગૂ છે, અને હલની એટલે પેટારની તથા બાયલરની તથા યંત્રની તથા સાજ સરંજામની ઘણું કરીને તપાસ કરવી એવું આમાં ઠરાવ્યું છે.

સરવેયર નેમવાનો તથા તેનું કામ ઠરાવવાનો તથા તપાસ કરેલી આગબોટના બારદાન પ્રમાણે ફીનો હિસાબ કરીને તે ઉપર તેની મેહેનતના પૈસા ઠરાવવાનો અધિકાર આ મસુદા ઉપરથી સરકારને આપો છે. સરવેયરને તેના કામમાં જે હરકત કરશે તેને દંડ થશે એવું આ મસુદામાં ઠરાવ્યું છે. દાખલાનો નમુનો આપ્યો છે. અને દાખલો અમલમાં રેહે ત્યાંહાં સુધી તેની વ્યવસ્થા કરવાની રીત કહીછે.

આ મસુદામાં જે નિયમ ઠરાવ્યાછે તે ઘણાજ જરૂરના છે એવું સર્વનું મત છે. અને આ મસુદા પ્રમાણે કાયદો ઠરશે તો તેથી સર્વ લોકને ફાયદો થયા વગર રેહેશે નહીં.

આ મસુદાનો મરાઠી તથા ગુજરાતી તથા સિંધી ભાષામાં તરજુમો કરવો.

તારીખ ૧૧મી માહે મે સન ૧૮૬૩ ઈસવી.

જોનાથન ડંકન ઈન્વેરારિટી.

(True Translation)

VENAYEK WASSOODEW,
Oriental Translator to Government.